[illegible]
જેને હોય તે જરૂર ખરીદ કરે.



ચહાદેવીની ચડાઇ

યાને

જમાનાનો જુલમ.

સંગ્રહ કરી છપાવનાર,

બુકસેલર જડુભાઇ નારણદાસ.
ઠે. સ્વામીનારાયણના મંદીર પાસે (દુકાન).
[illegible] ગાંધી[illegible] ([illegible]).
[illegible]

સંવત ૧[illegible]. સન ૧૯[illegible].
આવૃત્તિ ૩ જી. પ્રત ૧૦૦૦.
કીંમત એક આનો.

જાહેર સૂચના.

હમારૂં હરેક પુસ્તકોનો વેપારી ભાવ બેહદ
સસ્તો અને શરતો ઉદાર હોવાથી હમારા
ખાસ એજન્ટો માસીક

રૂપીઆ બસોનો નફો

છુટી મુડીમાં ઘણી સહેલાઇથી મેળવે છે.

જવાબ માટે રીપલાઇ કાર્ડ લખવું.

તૈયાર છે

સોળ વરસની સતિ અને નવ વરસનો પતિ—

ભાગ ૧-૨ ભેગા } છુટક કીમત એક આનો.
ભાગ ૨-૩ ભેગા }

નંગ ૧૦૦ ના રૂ. ૨-૮-૦.

વેચનાર,
બુકસેલર જદુલાલ નારણદાસ,
ઠે. સ્વામીનારાયણના મંદીર પાસે,
મુ. નડીઆદ.

શ્રી લક્ષ્મીવિજય પ્રી. પ્રેસ (બ્રાન્ચ) રતનપોળ નગરશેઠ મારકીટમાં
દેસાઇ રાયચંદ ઉત્તમચંદે છાપી—અમદાવાદ.

~

ભેદી લગ્ન.

ચીન તણી ચાલાક કુમારી, આવી હિંદુસ્તાન વિષે,
અમલ ચલાવ્યો સર્વ દેશમા, સત્તા પણ ઘરઘર વિષે ૧

યુરોપના માનીના મીસ્ટર, બિસ્કુટ ભાઈ જે બહાદુર;
ભભટો ભારી કરી અહીં આવ્યા, ફુટતા પ્રેમ તણા અંકુર. ૨

ચહા દેવીથી કરી સગાઈ, ગોર બન્યા હોટલવાલા,
ગ્રાહક સઘળા થઇ જાનૈયા, લગ્ન તણા કીધા ચાળા ૩

હરખે બાંધ્યો હોટલ પતિએ, ફૅન્સી મંડપ હોટલનો,
ઘાચી મોચી અને વાઘરી, સરવાળો શું હોટલનો. ૪

પાંચ જાય ને પચીસ આવે, ધામધુમ રહેતી ચલુ;
ચોરી કેરા ચાર્જને લેવા, પાસ થઇ આવ્યું પ્યાલુ ૫

ગાય ગીત ગુણવંતી ગોરી, રકાબીઓ ઉર ધરીને હર્ષ;
અહો ભાગ્ય છે આજ અમારાં, થાય ચહા દેવીનો સ્પર્શ. ૬

ચમચાએ ચીતમા વીચારી, બન્ને જણનો કર્યો મીલાપ;
મળે દક્ષણા હોટલ પતિને, ગોર વિણુ નવ થાય ઉપાય ૭

આશુ કીટલી ચસરે સાચો, ખાંડ જેહની ખીજમતદાર;
દુધ અને પાણી બે બેતો, ચહા તણો સાચો શણગાર. ૮

જાનૈયાની જાત ભાતમાં, ભેદ ભાવ નવ મળે લગાર;
કોણ બ્રાહ્મણો કોણ વણીકો, કોણ કોળીને કોણ કુંભાર ૯

ઉઠી પ્રભાતે ભેટ આપવા, મુબારક બાકી માટે;
મુલાકાત લઇ દામ દીએ જઇ, હોટલ પતિ કેશ હાટે ૧૦

કઇક શોખીનો નીજ ઘરમાં, પણ નિત્ય આવા કરે લગન;
કોડે કન્યાદાન દઇને, ખરચે પૈસા થઇ મગન ૧૧

કાષ્ટાગ્નિનું કોણ પુછે છે, નીશદીન જ્યાં અગ્નિ પ્રજળે,
અગ્નિ દેવની સાક્ષી આગળ, વરકન્યાનો હાથ મળે. ૧૨

જઇ ધુમાડો કહે ગગનમાં, ચહા દેવીના થયા લગન;
જાનૈયાએ જશ ખુબ લીધો, જાણે મોટો કર્યો જગન. ૧૩

અમલ અધિક ચાલ્યો અવનીમાં, રડતાં રહેછે છાના બાળ;
આનંદ આનંદ સર્વે થાતો, ચહા દેવી હૈયાનો હાર ૧૪

દશે દિશ દુનિયામાં નીરખો, ચહા દેવીનું ચાલ્યું જોર,
કોઇ કહે થયું ખુનનું પાણી, કોઇ કરે કંઇ શોર બકોર ૧૫

ધર્મ ધન આરોગ્ય બચાવા, ચહા દેવીથી રહેજો દૂર,
લાગે દેવી પણ ડાકણી, હરશે હિન્દ તણું સઉ નુર. ૧૬

૩

ચાહદેવીનો રાજીઓ.

હાય ! હાય ! ઘર ઘાલ્યું ધુતારી ચાયે !
પીતાં હાડ ચામ માંસ બળી જાયે રે,—હાય ! હાય ! ૧

હોંશે હોંશે મા—બાળકને પાયે
બાળ વૃદ્ધો યુવાન ડુબી જાયે !
પાયમાલ બધો દેશ તો કરાયે ! રે,—હાય ! હાય ! ૨

ઉઠી નામ ના પ્રભુનું લેવાયે !
નજર ઉકળતી ચાહ ભણી જાયે !
ક્યારે પ્યાલો ભરી પી લેવાયે ! રે,—હાય ! હાય ! ૩

કહ્યા કેશરીઆ દુધ ન ભાવે !
જીવ ચહા વિણ વ્યાકુળ થઇ જાવે !
જેવો તેવો ચહાયે કેમ લાવે ! રે,—હાય ! હાય ! ૪

જીવ તરફડે ને કાળજું ચુથાયે
નવ કામકાજ સુજતું જરાયે
ચાહ પામ્યો આ જીવડો તે જાયે ! રે,—હાય ! હાય ! ૫

હવે હોટલમાં પગલાં કરાયે !
કોળી વાઘરી જ્યાં ચાહ બનાવે !
શર્મ દુપટ લેઇને પીવરાવે ! રે,—હાય ! હાય ! ૬

ભુખ મરતાં આખ ઉંડી જાયે !
ખાડા ગાલમા ને પેટમા જણાયે !
લોહી માસ બધા અંગનું તવાયે ! રે—હાય ! હાય ! ૭
વેર પરણીને બાળક ન થાયે !
બાધા મેલડી ભુવાની કરાયે !
બાળ્યા હીર કેમ સતતી પમાયે ! રે,—હાય ! હાય ૮
કોઈ પુણ્યયોગે બાળ કદી થાયે !
જીવે મરવાની આળસે સદાયે !
એના અંગમા તો લોહી ના ભરાયે! રે,—હાય ! હાય ! ૯
ચહા તો દેશ તણા રંગથી રગાયે !
જેને પીતા ભીખારી દેશ થાયે !
ચહાને પાપે નપુસક થવાયે ! રે—હાય ! હાય ! ૧૦
સૌ બહેનોને ભાઇ સંભળાયે !
કાંઈ આવે વિચાર મન માહે !
ચહાને કાઢવા વિચાર કંઇ થાયે ! રે,—હાય ! હાય ! ૧૧
ધર્મ તન ધનની પાયમાલી થાયે !
ચહાની બેડીમા જગ જકડાયે !
તોય ઉઠી ઉભા ના થવાયે ! રે,—હાય ! હાય ! ૧૨
ઉઠો ઉઠો ના સુતા રહેવાયે !
બંધુ બહેની જુલમ ન સહેવાયે
આપો ચાને વિદાય દુષ્ટ જાયે ! રે,—હાય ! હાય ! ૧૩

કોથી કહિએ ન હોટલે જવાશે !
આજ પાદશાકર ખુશ થાશે !
મણિમય ધન્ય દિવસ ગણાશે ! રે,—હાય ! હાય ! ૧૪

(લેખક શ્રીયુત, મણિલાલ મોહનલાલ [illegible]ગકર.)

ચહાદેવીની આરતી

જયદેવ ! જયદેવ ! જયકારક ચહાદેવી—
જયકારક ચહાદેવી.
બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્યો, શુદ્રોએ સેવી.—જયદેવ
હિંદુ, મુસલમાન, પારસીએ પીધી;
અઢાર વર્ણે ચહાની, તાલીમ લઇ લીધી.—જયદેવ.
રક્ત સમુદ્રને પાર, એ ચહા તો આવી,
રણ શુરા ભારતને, નાખ્યું હા ! તાવી.—જયદેવ
હોટલ સ્ટેશન માંહી, બ્રાહ્મણીઆ ચાહની,
ઝુમે છુટતાં પાણી, વટલ્યા અજ્ઞાની—જયદેવ
સમજ્યા નહિં બેભાન, ઝેર અરે પીતા;
અમૃત જાણી અરીસે, અમર બની જાતા—જયદેવ.
સુસ્ત હિન્દુ સંતાન, ઈરાની ચહા પીતા.
ગરમાગરમ ચહાના, ભક્ત બની જાતા—જયદેવ.

ઘરની સ્ત્રી તૈયાર, ચ્હા કરી પાતી;
ટેસ્ટ તણી ખામી તો, તેમાં દેખાતી.—જયદેવ.
સવારની ઉઠળી, રાત સુધી પાતા;
ગંદી હોટલ ચહાને, પીવા સૌ જાતા.—જયદેવ.
ધર્મ વિત્તનો! શરીર ખોવાતું;
શુરવીર હિર સઘળું, ભસ્મીભુત થાતું—જયદેવ.
ઘી ભાર બેબર ત્યાગ, ઘરના તો થાતા;
કુશકા ખાવા હોટલ, મુરખા કયમ જાતા.—જયદેવ
બજારના કપનો, એક આનો આલે;
એ કિંમતમા ઘરનાં સૌ ચહા પી મ્હાલે—જયદેવ.
પણ ફેશન ગુલામ, હોટલમાં જાતા,
તન મન ધન બાળીને, ઝેર પીતા થાતા.—જયદેવ.
કંચન ભરત રસાળ, એ ચહાએ વણસ્યો;
અરીણીઓ કીધો ત્યા, ઉદય કહો શાનો—જયદેવ.
દુધ જતાં હોટલ, ઘી મોઘું થાતું,
છાશ તણા તો સ્વપ્નાં, સાપરેટ ખાતુ.—જયદેવ.
બલ્યા વિત્તને નેત્ર, વિર્ય બળી ચાલ્યાં;
વિદેશીઓની નકલે, ચહા દેવી ફાલ્યાં—જયદેવ.
નગર પાદરા માહ્ય, ડેરા નંખાણા;
ધર્મ અધર્મ વિસારી, સૌએ જકડાણા—જયદેવ.
બ્રાહ્મણ જૈન, પટેલ; હોંશે સૌ પીધી;
હોટલની ચહા સસ્તી, સ્હેજ માની લીધી—જયદેવ

ચંદર હોટલ માંય, રોજ બચે વકરો;
બત્તર બોતેર વર્ષે હિસાબ તો પકડો—ભયદેવ.
પુણ્ય લાખનો નાશ; પ્રતિ વર્ષે થતો;
ધર્મ શરીર મર્યાદા, વિચાર નવ થાતો—ભયદેવ.
બંધુ વર્ગ વિચાર, કરજો કંઈ મ્હારા;
દઈદો હોટલ બહાને, તિલાંજલિ પ્યારા,—ભયદેવ.
રક્ષા ધર્માચાર વીતં શરીરોની;
વિનંતી મણિમય દિલમાં, બંધુ લ્યો માની.—ભયદેવ.

લેખક—(શ્રીયુત પાદચાકર)

હોટલનો હાહાકાર.

(રાગ—ગઝલ.)

અરે હિન્દુ મુસલમાનો, નવાઈ અજનવી આતા!
સુણાવું સાંભળો આવી; બધી હોટેલની વાતો!!
બિછાવ્યાં ખુરશી ને ટેબલ, ઉપર ફુલગાદનાં કુંડાં!
પોલીશન ફેશને પુરાં, રસીલી હોટેલોમાં તો!!
કાળીને વાઘરી મહેરી, જનોઈ ખાલ આપે છે!
અમીને ખુબ ભાવે છે, ભલે નટલી જતી ન્યાતો!

બનાવી દે પ્રિયા ઘરની, મધુરી શુદ્ધ ચહા પ્રીતે!
ન ગમતી, હોટલે રમતી મવા છોને પડે લાતો!!
બનીને હરફી, સહ મિત્રો, ગયા વિશ્રામ ભુવનમા!
ડબલના ઓર્ડરો દીધા, ખમણુ શ્રીખંડ ભજીયાનો!!
અલ્યા 'ચાલુ જમાનો' ને 'રજીસ્ટર' આપ સાહેબને!
હળાહળ ઝેર પી—ખાધું, વગેરગ રોગ ફેલાતો!!
જમ્યા વાગ્ગી ફુપટ દામે, પીરસતો ભંગી તો ભાળ્યો!
બનીને ભ્રષ્ટ ભાઈ આવ્યા, સુધારે હા વગોવાતો!!
તમાસ હોય મા ઘરના, બધાએ ચહા પીવા પામે!
પૂળો પોશાકને મૂકયો, ગજબ હોટેલનો ખાતો!!
ગયાં ધન ધર્મને બાળ્યાં, શરીરના લોહીને ચમે!
અરેરે! દેશ બંધુઓ, તમારો ધર્મ વેચાતો!!
ગયાં ઘી છાશ ને માખણ, જતું હિન્દુપણું હાલ્યું,
વળ્યો હોટલે હાહાકાર, મણિમય દેશ ડૂબાતો!!

લેખક—(શ્રીયુત પાદરાકર.)

હિન્દ દેવીની અપીલ.

(રાગ)-(અરે આ અબળાનો પોકાર જરી કોઈ સાંભળોરે)
અરે આ હિન્દ દેવી પોકાર જરી કોઈ સાંભળો રે!
બલા કોઈ સાંભળો રે!

પવિત્ર આર્યભુમિ સંતાનો, સિંહ બાળથી બળીયા માનો!
આજ હોટલે કાં રખડો! પાછા વળોરે!—અરે. ૧

રણ શુરા રજપુત રઢિયાળા! મહા બળિ મર્દો મુછાળા!
હાય! આજ બીહિકથી ડરતા, કાં પળો રે!!—અરે. ૨

પ્રતાપ ને પૃથુરાજ શિવાજી, દુર્ગાદાસ રહાતા ગાજી!
એજ ભરત સંતાનો! ચહાથી કાં બળો રે!!—અરે. ૩

કઢેલાં દુધ તાંસળીએ પીતા, ભ્રષ્ટાચાર અધર્મે બીતા!
પ્યાલી ચહા સાટે જીવતર ધુળ કાં ધરો રે!!—અરે ૪

પ્રભાતિયાં પ્રાત ઉચ્ચરતી પ્રભુ સ્મરણ જીંહા તો કરતી!
આજ ચહા વિણ જીવડો થાતો આકળો રે!!—અરે. ૫

પડછાયો જેનો નવ લેતા, હોટલમાં તો ભોજન દેતા!
હાય ધરો છો ધર્મ ગળે કાં આમળો રે!!—અરે ૬

વૈષ્ણવ જૈન અને મરજાદી, ક્ષત્રિય બ્રાહ્મણ શુદ્રની જાતિ!
મુસલમાન ચહાના સેવનથી ના ટળ્યો રે!!—અરે. ૭

ઉઠો ઉઠો ભારત સેનાની, લીયો પ્રતિજ્ઞા ચહાની-જ્ઞાની!
દેશ બચાવો હોટલથી પાછા વળો રે!!—અરે. ૮

મદન મંજરી આદ કનિષ્ઠ, શક્તિતણી યોગીના સંગ્રહ!
બધા નમાલા હવે હોટલોથી વળો રે!—અરે. ૯

હોટલ બોટલ બીડી ત્યાગો, શ્રીખંડ ને ભજીયાંથી ભાગો,
મદિરાપાન જેવું બહેની ચૌકે ચાંખો રે!!—અરે. ૧૦

ચહાનું ચેટક.

(રાગ—ગઝલ.)

અરે ! ઓ દેશનાં બીરા, સુણોને હિન્દના હિરા !
ગયાં ધન–ધર્મ ઓ ધીરા, જરા તો આંખ ઉઘાડો ! !–૧
સવારે ઉઠીને આર્યો, પ્રભુનું નામ ઉચ્ચરતા !
આજે તો ચહા વિના મરતા ! હવે તો આખ ઉઘાડો ! !–૨
વિવેકી વૈષ્ણવો, જૈનો, પુરાણી બ્રાહ્મણો જ્ઞાની !
ખાધા જોઈ ચહા તણી પ્યાલી, અરેરે ! આંખ ઉઘાડો !
" હમારા કૃષ્ણને માખણ, મલાઈ ગોરસ પ્યારી, "
ધરાવે મંદીરે કહીને, હતી ક્યાં ચહા તણી વારી ! !–૪
અરે રણશૂર ક્ષત્રિઓ, ગજવતા દેશ દુનિઆમાં !
ગઈ તલવાર ચહા સાટે, હવે તો આખ ઉઘાડો ! !–૫
કસુંબલે રંગની ચહામા બળ્યું છે દેશનું લોહી !
હળાહળ ઝેરની પીવી, અરે ચહા, આંખ ઉઘાડો ! !–૬
હમારા દેશનું અમૃત, હતા પય, છાશ, ને માખણ !
થતામાં ચહા તણી પ્યાલી, રહ્યું સપરેટ મળવાલી ! !–૭
તવાયા તન બદન ચહાથી, નયન તેજે ગયા નાશી !
અચંભિત ! હાલ દશા આ શી ? હવેતો આખ ઉઘાડો ! !–૮
તમારા દેશ બંધુના, હૃદયના રક્તથી રંગી !
જુવો ચહાને બગીચે જઈ, જરાતો આંખ ઉઘાડો ! !–૯

ફિટ ભગી પ્રતિજ્ઞા લ્યો, ધુતારી ચહાને ત્યાગો !
મખ્ખિમય વાયુ આ વ્હાલું, હવે તો આંખ ઉઘાડો ! !–૧૦

લેખક–(શ્રીયુત પાદરાકર)

હોટલનો હીસાબ.

(રાગ—ગઝલ.)

ધુતારી ચાય હોટલકી, જલાવે તન બદન સબકો !
છુડાવે મઝહબો દીં કો, લુંટાવે દેશકે ધનકો ! !
સુબહમેં ઉઠકે પઢતા. રસુલલ્લાહકા કલમા !
જમાંમેં પાક પરવર ઔર, ખુદાકે માલિક મૌલાના ! !
બિરાદર આજ લેતા હય, મુબારક ચાય ચાહોંકી !
વઝુ, નિમાઝ કે બદલે, ઉડાતે પાઉં ડબલ રોટી ! !
દિને ઈસ્લામ કે બુઝર્ગ, સુબહમેં જાયે મદરેસે !
પઢે કુરાનો કિતાબેં, અબિ તો ચાય હોટલકા ! !
જલાકે ખુન, ખા બૈતી- કલેજા, મેપ ભર જાવે !
બિરાદર આંખ ખોલાદો, ખુદા માલુમ ક્યું આવે !
તુમ્હારે ખુનસે ઉલ્ફત, ગઝલ ઔર બયત લીખ ડાલી !
નિગાહ આરામ કે વા કે, બગૈરે ડાકના ખાલી ! !
ચચાબાર બહિર દેતે હય, હમેશાં હોટેલોં, વાલે !
ફકીરા જુનકા લેતે હય, દિને ઈસ્લામ મત વાલે ! !

સહારા માન લો મુસ્લા, મઝહબો-મુલ્ક-ગિરતા હય !
હોટલોં કોંશ આ હિમત, નસીબ બદબખ્ત કરતા હય !!
કૈપટ કામે દીયા કરતા, હમેશા હોટલે કચરા !
ન માલુંમ અય બીબી જાયા, સતાતા કર્યું ન એ ખતરા !!
સબર હોશિયાર યે દેખો, ફજર તો હો ચુકા બાબા !
પઢો કલમા—કુરાને પાક, પયગંબર રસુલિલ્લાહ !!
હટાવે નામ હોટલકા, જલાદો બાગ બોટલકા !
કસમ ખાલો ન દેખેગે, નિશાનો નામ હોટલકા !!
પુકારા યે કીયા કરતી, ખિલાફત ખલ્કકી સારી !
જલાદો ચાય હોટલકી, જલાતી સલ્તનત પ્યારી !!
દિનો ઇસ્લામમેં ઇશ્કી, કભી હિની નહિં બહાલી !
કભી મર જાયેંગે બહેતર, ન લેગે હોટલે પ્યાલી !!
ખુદા પર નામ પરવરકા, કસમ દિલ નેક રાહબરકા !
ખુદાકે વાસ્તે લેગે, કદિ ના નામ હોટેલકા !!
બિરાદર મજલિસે બેઠો, ખુદા રાહબર હમારા હો !
તુમ્હારા પાહરા—કર દે સદા દિલ હોટલો સે હો !!

(લેખક—શ્રીયુત પાહરાકર.)

હોટેલની પ્રતિજ્ઞા.

(રાગ—ગઝલ.)

હૃદયનું રક્ત કાઢીને, લખો લેખો પ્રતિજ્ઞાના !
તમારા દેશને ખાતર, કદિ હોટલે જાતા ના ! !
વિવેકી વીર ભારતનાં,—અમર સંતાન થાતા ના !
કદિ જો થાઓ તો—હોટેલમાં મરતાંય જાતા ના ! !
ચપણુ હોટેલની ચહાનાં, હળાહળ ઝેરથી ભરીયા !
અમર જો માનવી હો તો, કદીએ ચાટતા નાના ! !
તમારા પ્રાણથી પ્યારો, તમારો ધર્મ માનો તો !
શ્વાનની ચાટ સમ હોટેલમાં, મ્હો મારતા નાના !
ગણો જો દેશની લક્ષ્મી, અમોલી ભેટ માલીકની !
ખીસાં પાકીટ હોટેલમા, કદીએ ખોલતા નાના ! !
પ્રિયા પ્રેમી પુરા હો તો, ખરી ચહા બહાર નવ શોધો !
પ્રીતિ પ્યાલો મુકી ઘરનો, અવળનો ખોળતા નાના ! !
કદી વહાલા તમોને હો, તમારા બાળકો ગભરૂ !
ગમે તે થાય પણ ચહા તો, કદીએ આપતા નાના ! !
પ્રતિજ્ઞા મર્દ પાળે છે, ન પાળે હીજડા હારી !
બધુ બ્રહ્માંડ તુટે તો, દીધેલો કોલ ચુકતા ના ! !
કદી હો માનવી તો તો, સદાયે માનવી રહેજો !
પ્રતિજ્ઞા સિંહ સમ પાળો, અધુરાં વેણ બકતા ના ! !

કદી લલચાવશે હોટલ, વીરાઓ મર્દ મુછાળા!
મુછો કાઢયા વિના કોઈ, અરે હોટેલ જાતા ના!!
પ્રતિજ્ઞા તે પ્રતિજ્ઞા જ, હૃદયના રક્તથી લીધી!
મણિમય પાદરા-કર જો, સફળ વિસારતા નાના!!

(લેખક-શ્રીયુત પાદરાકર,)

હમારો કોલ.

(રાગ-કવ્વાલી.)

પ્રતિજ્ઞા આ કરી આજે, કદી હોટેલ ના જોશું!
ધર્મ સંતાન ભારતના, કદીએ ભ્રષ્ટ ના થાશું!!
હમારા દેશને માટે, પ્રતજ્ઞિા સખ્ત પાળીશું!
નીતિ ને ન્યાયના માટે, વિલાસી વૃતિ ગાળીશું!!
હમારા દેશને માટે, હવે હોટેલ ટળીશું!
હમારા ધર્મને માટે, જરૂરથી ચાહ બાળીશું!!
રીબાશું કે ફના થાશું, અરે અંતે મરી જાશું!
તવા થાશુ તથાપિ હોટલે, તો ના નહિ જાશું!!
સુકી હો ભાખરી ખાવા, નનિ બીસ્કેટ માગીશું!
પ્રતિજ્ઞા આ કરી આજે, હવે હોટેલ ભાગીશું!!
હમારો દેશને લક્ષ્મી, હમારો ધર્મ સધીશું!
મણિમય આજથી જાગ્યા, હવે હમેશ જાગીશું!!

ચહા દેવીને વિનતી.

(લેખક-બેચરભાઇ, ધજાવાળા, નરસંડા)

મને બસ છોડને એ ચા' મને બસ છોડને એ ચા'
ભૂલ્યો હું તો હવે દુર થા, મને બસ છોડને એ ચા'
ભરસે તાહ્યરે મેં તો, કર્યું છે ખુનનુ પાણી,
પડુ પાયે ભલી દુર થા, મને બસ છોડને એ ચા
સફા થઇ સોબતે તારી, નફાનું નામ ના જોયું,
થયુ તન હાડ પીંજર આ, મને બસ છોડને એ ચા
ફસાયા ફંદમા તા'રા, નઠારા કે અગર સારા
જુલમ કર ના હવે ના ના, મને બસ છોડને એ ચા
ન જોયા ઉંચ નિચા તે, ચહે તેની થઇને રે,
છતા તેને ન વશ તુ થા, મને બસ છોડને એ ચા.
ગુમાવી ગાલની લાલી, થયો છુ હાલ બેહાલી,
ક્ષમા કર કર્કં શા કૃરતા, મને બસ છોડને એ ચા
ભર્યા ભંડાર અવગુણના, છતા તુજ મોહની શી આ,
અરે' ચંડાલણી એ ચા, મને બસ છોડને એ ચા.
અહા ! ચંડાલણી પરણી, બગાડી હિન્દની કરણી,
અધમ કમજાત એ ગમ ખા, મને બસ છોડને એ ચા.
તને જે પ્રેમથી ચાહે, અધમ ચંડાલ કે'વાયે,
કુકર્મી એ કરે વાહ વાહ, મને બસ છોડને એ ચા
વિનતી એટલી મહારી, તજો એ દુષ્ટ પરનારી,
પ્રતિજ્ઞા છે કહો પળવા, મને બસ છોડને એ ચા

બીડીબાઇનો બળાપો

(રાગ–ગઝલ)

જગત્ સૌ ધુમ્રથી છાયું, છતા કોઇ આખ ખોલોને,
બળી આ બીડીઓ પીવો, મૂખેથી કોઇ બોલોને
પલગે ગાદલા નીચે, ખમીશ કે કોટને ખીસ્સે,
ધરી છે હાથ ચો દિસે, છતા કોઇ આખ ખોલોને
વરસ બે બે તણા બાળક, પીએ છે હોશથી બીડી,
છતા મા–બાપ ન રોકે, નથી એ હિન્દની રૂઢી
નથી શરમાતા લજવાતા, નથી કોઈ વાત ઉરે લેતા,
છતા કહીએ પુકારીને, ભલા કોઈ આખ ખોલોને
ઘણી ખાંસી ને ક્ષય થાયે, વળી બહુ મુખ ગંધાએ,
નવા વઇદો ખુશી થાયે છતા કોઇ આખ ખોલોને
નથી બીડી મુકાતી તો, તમે શું કાર્ય કરવાના,
નથી જો ચા' તજાતી તે, તમે શુ કાર્ય કરવાના
વિદેશી બેય કુલટાએ, દીધો છે દેશને બાળી,
છતા આ હિન્દ ભારતને, હજુએ લાજ ના આવી
જરૂયા જો હોય જણુનીએ, ન પીશો ચા' અગર બીડી,
વિનતી એટલી બાપુ, સુધારો હાલની રૂઢી

(લેખક–બેચરભાઈ, ઘંજાવાળા–નરસંડા)

સમાપ્ત.